ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ધોરણ-૫ બાદ કન્યાઓનો શાળાનો અભ્યાસ છોડવાનો દર વધી રહ્યો છે

## જિલ્લામાં ડ્રોપઆઉટ રેસિયો વધતાં સૌ ચિંતામાં ગરકાવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપઆઉટ રેસિયો વધતાં તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. એક તરફ સરકાર કન્યા કેળવણી પર ભાર મુકી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં ડ્રોપઆઉટ રેસિયો કન્યાઓનો વધારે નોંધાયો છે.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો પ્રવેશ દર ૯૯.૬૯ ટકા નોંધાયો છે. જેમાં કન્યાઓનો પ્રવેશ દર કુમાર કરતાં વધુ નોંધાયો છે તે પણ એક હકીકત છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૭-૧૮માં ધો. ૧ થી ૫ માં ડ્રોપઆઉટ રેસિયો ૦.૬૯ ટકા નોંધાયો હતો. ૨૦૧૮માં ૦.૦૩ ટકા નોંધાયો હતો. ૨૦૧૯-૨૦માં ૦.૪૨ ટકા અને ૨૦૨૦-૨૧માં ૦.૬૭ ટકા નોંધાયો હતો. જ્યારે ૨૦૨૧-૨૨માં આ વધીને ૧.૨૨ ટકા નોંધાયો છે. આમ ૨૦૨૦-૨૧ની તુલનામાં લગભગ બમણા જેટલો વધારો નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ધો. ૧ થી ૫ માં કુમારની તુલનામાં કન્યાઓનો ડ્રાપઆઉટ રેસિયો વધ્યો છે. ૨૦૧૭-૧૮માં તે ૧.૩૨ ટકા હતા. ૨૦૨૦-૨૧માં તે ૦.૯૫ ટકા હતો.

મળતી વિગતો પ્રમાણે ૨૦૨૧-૨૨ના વર્ષમાં ધો. ૧ થી ૫ માં ગાંધીનગર તાલુકામાં ૦.૪૨ ટકા, દહેગામમાં ૦.૬૭ ટકા, કલોલ તાલુકામાં ૦.૯૪ ટકા અને માણસામાં ૧.૨૨ ટકા નોંધાયો છે.

તાલુકાવાર જો ડ્રોપઆઉટ રેસિયો જોઈએ તો છોકરાઓનો ડ્રોપઆઉટ રેસિયો ગાંધીનગર તાલુકામાં ૦.૧૩ ટકા, કલોલમાં ૦.૭૬ ટકા અને માણસામાં ૧.૭૩ ટકા નોંધાયો હતો. છોકરીઓનો ડ્રાપઆઉટ રેસિયો ગાંધીનગરમાં ૦.૭૮ ટકા, દહેગામમાં ૧.૪ ટકા, કલોલમાં ૧.૧૫ ટકા અને માણસામાં ૦.૬૨ ટકા નોંધાયો હતો.

ધો. ૧ થી ૭ માં શાળા છોડવાનો ડ્રોપઆઉટ રેસિયો વધારે નોંધાયો છે. જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. અર્થાત્ ધો. ૫ પછી અભ્યાસ છોડનારાઓની સંખ્યા વિશેષ છે. ૨૦૨૧-૨૨માં આ દર વધ્યો છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ધો. ૧ થી ૭ નો ડ્રોપઆઉટ રેસિયો ૨.૧૯ ટકા નોંધાયો છે. દહેગામમાં ૧.૩૯ ટકા, કલોલમાં ૭.૧ ટકા એ માણસામાં ૧.૭૫ ટકા નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વિવિધ ચાર જગ્યાએ રેલવે ફાટક પર ઓવર બ્રિજ બનશે

## અંદાજિત રૂ ૨૦૦કરોડનો ખર્ચ થવાનો અંદાજ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં ચાર ફાટક પર ઓવરબ્રિજનું બાંધકામ કરવાની મહત્વાકાંક્ષી યોજનાને કેન્દ્રીય રેલ મંત્રાલય દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે હાલ બ્રિજના અભાવે ટ્રાફિક જામ ની સમસ્યા વચ્ચે માર્ગ સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે

પાટનગર યોજના વિભાગ દ્વારા ઓવરબ્રિજના બાંધકામ સંબંધમાં વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેના નકશા, ડિઝાઈન તૈયાર કરવા સાથે ખર્ચ અંદાજ તૈયાર કરીને મંજુરી માટે સરકારને મોકલી આપવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન વિભાગના ઈજનેરી સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે ફાટક મુક્ત ગુજરાત યોજના અંતર્ગત ગાંધીનગર તાલુકા વિસ્તારમાં બે અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં એક અને કલોલ તાલુકા વિસ્તારમાં એક રેલવે ફાટક પર ઓવરબ્રિજનું બાંધકામ કરવાની યોજના સાકાર કરવાની દિશામાં કામ ચાલુ કરવામાં આવી રહ્યું છે. તેમાં ગાંધીનગરથી માણસા જતા માર્ગ પર ઘુંઘટ હોટલ નજીક આવેલા રેલવે ફાટક, ઉવારસદથી કર્ણાવતી યુનિવર્સિટી તરફ જતા માર્ગપર આવતા રેલવે ફાટક, ઓળા ચોકડીથી પુન્દ્રાસણ ગામથી વાવોલ જતા માર્ગ પરના રેલવે ફાટક અને કલોલના ઓળા ગામથી પાનસર ગામ જતા માર્ગ પર આવતા રેલવે ફાટક પર ઓવરબ્રિજ બાંધવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. ઉપરોક્ત ચાર ફાટક જ્યાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર

# દિવાળીના પર્વોમાંએસ ટી ડેપોને વધુ ૧૨.૫૯ લાખની આવક

## રાજકોટ, સાવરકુંડલા, ઉના, દાહોદ અને ઝાલોદ રૂટમાં ૧૨૯૬૮ મુસાફરોએ બસ સેવાનો લાભ લીધો

ગાંધીનગર તા ૩૧

દિવાળીના તહેવારમાં બહારગામ જતા નાગરિકોની સંખ્યા વિશેષ હોય છે. જયારે દિવાળીમાં સૌરાષ્ટ્ર સહીતના વિવિધ વિસ્તારમાં મુસાફરોને સાનુકુળતા રહે તે માટે એસ ટી ડેપો દ્વારા પ્રતિવર્ષ વધારાની બસ સેવા દોડાવા માટે આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ એસ ટી ડેપો દ્વારા સાવરકુંડલા, ઉના, રાજકોટ સહીતના રૂટમાં વધારાની ૨૪૪ ટ્રીપો દોડાવામાં આવી હતી જેમાં કુલ ૧૨૯૬૮ મુસાફરોએ આ બસ સેવાનો લાભ લીધો હતો જેના અંતે એસ ટી ડેપોએ કુલ ૧૨.૫૯ લાખની વધુ આવક કરી હતી.

દિવાળીના તહેવારો દરમિયાન ગાંધીનગર ડેપો દ્વારા વધારાની બસ સેવા શરૂ કરવામાં આવી હતી દિવાળીના દિવસોમાં વિવિધ રૂટમાં બસમાં ટ્રાફિક વધી જાય છે. જયારે મુસાફરોને સાનુકુળતા રહે તે માટે એસ ટી ડેપો દ્વારા પ્રતિવર્ષ દાહોદ , ઝાલોદ અને સૌરાષ્ટ્રના વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# ઝુંડાલ-અમિયાપુરના મુક્તિધામોના રિનોવેશનના કામોને મંજૂરી

## સે. ૧ થી ૫ માં માર્ગોની સુધારણા, રિસરફેસીંગના કામોને શરતોને આધીન રહી મંજૂરી આપવામાં આવી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાની મળેલ સ્થાયી સમિતિની બેઠકે સે. ૧ થી ૫ માં માર્ગોના રિપેરીંગ સાથે રિસરફેસીંગ માટેના કામો શરતોને આધીન રહી મંજૂરી આપી છે.

વારંવાર ખોદકામ થતુ હોવાથી માર્ગો તોડવાના થાય છે એટલે આ માટે માર્ગોને નુકશાન ન થાય તે હેતુસર આ શરતો સાથેનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં હાલ ભૂગર્ભ ગટર અને પેયજળ ૨૪X૭ની લાઈનો નાખવામાં આવી રહી છે. વારંવાર ખોદકામ થઈ રહ્યુ છે અને પાટનગર જે રીતે ખાડાનગર બની ઉભરી રહ્યુ હોઈ હવે નુકશાન ના થાય તે રીતે રીપેરીંગ અને રિસરફેસીંગની કામગીરીને શરતોને આધીન રહી મંજૂરી આપવામાં આવી છે.

શનિવારે ઉતાવળે બોલાવાયેલી સ્થાયી સમિતિની બેઠક ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષપદે મળી હતી. જેમાં ૧૭ જેટલા મુદ્દા સમાવવામાં આવ્યા હતા. અગાઉ મળેલ સ્થાયી સમિતિમાં ૪૦ મુદ્દા સમાવવામાં આવ્યા હતા. આમ છેલ્લા ૧૫ દિવસોમાં જ ૫૭ જેટલા મુદ્દા સ્થાયી સમિતિમાં ચર્ચાયા અને મોટાભાગના મુદ્દાઓને બહાલી આપવામાં આવતાં મનપામાં કેટલુ બધુ પડતર છે તેવી ચર્ચા લોકજીભે થઈ રહી છે.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હજુ પણ આચારસંહિતા લાગુ થાય તે પૂર્વે એકાદ બેઠક યોજવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચારના
સૌ વાચકો, શુભેચ્છકોને
નવા વર્ષના નુતન વર્ષાભિનંદન...



ગણપતભાઈ કે. જોષી
બ્યુરો ચીફ
ગાંધીનગર સમાચાર
મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧



હરેશ જી. જોષી
જિલ્લા પ્રતિનિધિ
પ્રેસ ફોટોગ્રાફર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

બનાસકાંઠા જિલ્લા બ્યુરો ઓફિસ
ગાંધીનગર સમાચાર
૯, હરિ ઓમ મ્યુનિસિપલ માર્કેટ, દિલ્હી ગેટ,
પાલનપુર, જીલ્લો બનાસકાંઠા

# ગાંધીનગર સ્ટેશનથી વલસાડ-વડનગર નવી ટ્રેન શરૂ કરાઈ

## ગાંધીનગર સ્ટેશનના પોકેટમાં એક નવી ટ્રેન : વલસાડ-વડનગર રેલ યાત્રિકોમાં હર્ષની લાગણી : કેપિટલ સ્ટેશન પર બે મિનિટનુ રોકાણ કરશે : શહેર વસાહત મહામંડળના આગેવાનોએ આ ટ્રેન સેવા ગાંધીનગરને મળે તે માટે રજુઆત કરી હતી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર હાલ વંદે ભારત તેમજ ગરીબ રથ અને હરિદ્વાર સહીતના રૂટમાં ટ્રેન સેવા ઉપલબ્ધ છે. જયારે સ્ટેશનને નવી ટ્રેન સેવા મળે તે માટે સતત રજુઆતો થતી રહી છે. જયારે વડનગર રૂટમાં પણ નવી ટ્રેઈન ફાળવવા માટે અગાઉ રજુઆત કરવામાં આવી હતી આખરે વલસાડ વડનગર ટ્રેન સેવા શરૂ કરવાની જાહેરાત કરી દેવાતા સ્થાનિકોમાં હર્ષની લાગણી વ્યાપી છે. આ ટ્રેન સવારે ૧૧ કલાકે કેપિટલ સ્ટેશન પહોંચશે જયારે બે મિનિટનુ રોકાણ કરી વડનગર રૂટમાં આગળ દોડશે

ગાંધીનગર કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. સ્ટેશન વિસ્તારમાં અદ્યતન હોટલનુ નિર્માણ કરવાની સાથે સ્ટેશનની પણ કાયાપલટ કરવામાં આવી છે. જયારે એક જમાનામાં ખંડેર ભાસતા સ્ટેશનની રોનક નિખરી છે. જો કે હજુ સ્ટેશનને આનુસંગિક જરૂરી ટ્રેન સેવા ઉપલબ્ધ ન હોવાથી સ્થાનિક અગ્રણીઓ ગાંધીનગરના પોકેટમાં નવી ટ્રેઈન આવે તે માટે સતત રજુઆત કરી રહ્યા છે. જયારે હાલની સ્થિતિએ કેપિટલ સ્ટેશન પરથી ગરીબ રથ, વંદે ભારત, હરિદ્વાર, ભાવનગર સહીતના રૂટમાં ટ્રેન દોડે છે. જયારે મહત્તમ મુસાફરો આ ટ્રેઈન સેવાનો

● અનુસંધાન પાન-૭ પર

ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.ઓપ. બેન્ક લી., પાલનપુર

માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને શુભ દિપાવલી, નૂતન વર્ષાભિનંદન
દિપાવલી તથા આવનારું વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય,
આરોગ્યમય અને યશસ્વી નિવડે એજ પ્રભુને પ્રાર્થના સહ....

● કોઈપણ છુપા ચાર્જીસ કે પ્રોસેસીંગ ફી વગર નીચા વ્યાજ દરે સરળ ધિરાણ. ● આકર્ષક વ્યાજદરની થાપણો યોજનાઓ ● નજીવા લોકર્સ ભાડા થકી લોકર્સ સુવિધા ● Mobile Banking, UPI, IMPS, NEFT & RTGS જેવી ઓનલાઈન સુધિધાઓ ● Rupay ડેબીટ / ATM થકી ૨૪ કલાક કેશ ભરવા તેમજ ઉપાડવાની સુવિધા ● આપણી બેંક દ્વારા ઈન્કમટેક્ષ તથા GST ના નાણાં ભરવાની સેવાનો લાભ મેળવો. ● આપણી બેંક દ્વારા જનરલ ઈન્સ્યોરન્સની, લાઈફ ઈન્સ્યોરન્સ તથા હેલ્થ ઈન્સ્યોરન્સની સુવિધા મેળવો ● બેલેન્સ જાણવા મિસ કોલ સુવિધા - મો. નં. - ૯૩૭૫૨૦૦૨૦૦ ● સભાસદોની સુરક્ષાર્થે રૂ. ૩ લાખનો અકસ્માત વિમો ● આપણી બેંક દ્વારા અટલ પેન્શન યોજના (APY)થી પેન્સનનો લાભ મેળવો ● રીઝર્વ બેંક દ્વારા બેંકે પોતાનો નવિન IFSC કોડ મેળવેલ છે તો દરેક ગ્રાહકે તેમની શાખા પ્રમાણે IFSC કોડ મેળવીને તેનો ઉપયોગ કરવો.

ગ્રાહકોનો વિશ્વાસ અને અમારી સેવાઓ એ જ બેંકનો ધ્યેય

ભાવેક કે. પટેલ — સી.ઈ.ઓ.
દિનેશકુમાર બી. પટેલ — વાઈસ ચેરમેન
શિવરામભાઈ આઈ. પટેલ — ચેરમેન







ખુલ્લી હરાજી... સાચો તોલ... રોકડાં નાણાં...

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, થરાદ
સરકાર પટેલ માર્કેટયાર્ડ, થરાદ, જિ. બનાસકાંઠા



ચેરમેનશ્રી, વોટર રિસોર્સ પાર્લામેન્ટરી કમિટી,
સંસદ સભ્યશ્રી, બનાસકાંઠા
અને
ચેરમેનશ્રી, માર્કેટ કમિટી, થરાદ

નૂતન વર્ષાભિનંદન

આવો આપણે સહુ સાથે મળીને સહકારી પ્રવૃત્તિના માધ્યમ દ્વારા સમાજના વિશાળ જન સમુદાયના આર્થિક ઉત્થાન માટે સંકલ્પ કરીએ કે,

આપણો ખેડૂત સમૃદ્ધ બને, આપણો તાલુકો તથા જીલ્લો સમૃદ્ધ બને, જેથી સહકારની જ્યોત વધુ ઝળહળતી બને અને આપણા ખેડૂતો, વેપારીઓ તથા સમગ્ર પ્રજાજનો સમૃદ્ધ બને એજ અભ્યર્થના સહ...

નવા વર્ષના સૌ સ્નેહીજનોને રામ રામ...

—● બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ●—

શ્રી કરણસિંહ આર. ચૌહાણ — વા. ચેરમેનશ્રી
શ્રી બી. એમ. પટેલ — સેક્રેટરીશ્રી

શ્રી રૂપસીભાઈ વી. પટેલ | શ્રી ઓખાભાઈ આર. પટેલ | શ્રી ઓખાભાઈ ડી. પટેલ
શ્રી હેદુજી એચ. વાઘેલા | શ્રી કમાભાઈ આર. પટેલ | શ્રી ખાંનાભાઈ વી. પટેલ
શ્રી મફાજી જે. પટેલ | શ્રી ધરમસીભાઈ એન. પટેલ | શ્રી રવજીભાઈ બી. પટેલ
શ્રી જેતસીભાઈ વી. પટેલ | શ્રી રવજીભાઈ ડી. પટેલ | શ્રી આયદાનજી પી. પટેલ

શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા, પાલનપુર
શ્રી જીલ્લા ખેતીવાડી અધિકારી, બનાસકાંઠા, પાલનપુર
તથા કર્મચારીગણના નૂતન વર્ષાભિનંદન

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com